મઉમશબ/ક-૧/ એકમ કસોટી/ ૨૦૨૨/૪૭
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,સેક્ટર- ૧૦/બી,
સચિવાલય પાસે,ગાંધીનગર
તા.૦૧/૦૨/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય

વિષય: ધોરણ-૦૯ થી ૧૨ની એકમ કસોટી શાળા કક્ષાએ યોજવા બાબત

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦/૧૪૨/છ, તા.૧૨/૦૨/૨૦૨૦
(૨) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/SSC/૨૦૨૦/૬૭-૧૦૪, તા. ૦૧/૦૭/૨૦૨૦
(૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/ક-૧/એકમ કસોટી/૨૦૨૧/૯૨૨, તા.૧૮/૦૯/૨૦૨૨
(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/ક-૧/દ્વિતિય કસોટી/૨૦૨૧/૧૦૭૯, તા.૧૭/૧૨/૨૦૨૨
(૫) સીંગલ ફાઈલ પર તા.૩૧/૧૨/૨૦૨૧ની નોંધ અન્વયે રાજ્ય સરકારશ્રીની મળેલ મંજૂરી

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ (૧) દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ ધોરણ-૦૯ થી ૧૨ના અમુક વિષયોની એકમ કસોટીના પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તૈયાર કરી શાળાઓને મોકલવાની પધ્ધતિ અમલમાં હતી. તે મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ સાત એકમ કસોટી યોજેલ તેમજ ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨માં હાલ સુધી કુલ બે એકમ કસોટીનું આયોજન થયેલ. પરંતુ પ્રવર્તમાન પરિસ્થિતિ અનુસાર વિશેષ ચિંતન દ્વારા રાજ્ય સરકારશ્રીના નિર્ણય મુજબ હવેથી એકમ કસોટીનું આયોજન શાળા કક્ષાએથી જ કરવાનું રહેશે. જેના આયોજન અને અમલીકરણ માટે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

- હવેથી દર માસે ધોરણ ૯ થી ૧૨ના તમામ વિષયોની એકમ કસોટી નિયમિત શાળા કક્ષાએથી જ યોજવાની રહેશે. તેમજ પ્રવર્તમાન Covid-19ની પરિસ્થિતિ મુજબ સરકારશ્રીની ગાઈડ લાઈનનું પાલન કરી એકમ કસોટી યોજવી.
- ધોરણ ૯ થી ૧૨ના તમામ વિષયોની એકમ કસોટીના પ્રશ્નપત્રો શાળા કક્ષાએ/QDC કક્ષાએ/ SVS કક્ષાએ માસવાર અભ્યાસક્રમ અને યોગ્ય પરીરૂપને ધ્યાને લઈને ગુણવત્તા યુક્ત પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે. પ્રશ્નપત્રો તૈયાર કરતી વખતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં જણાવ્યા અનુસાર પ્રશ્નપત્રો ફક્ત ગોખણપટ્ટીના આધારે પૂછાતા સવાલોના બદલે ઉપયોગિતા અને માપદંડનું સારું પ્રમાણ જળવાય તે જોવાનું રહેશે.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૨૬૧
શાખાનું નામ: પક્ષત્ર
૦૧/૦૨/૨૨

➤ દર માસે જે વિષયોના વાર્ષિક ૧૦૦ ગુણના પ્રશ્નપત્રો હોય તેવા વિષયોની ૨૫ ગુણની અને જે વિષયોના વાર્ષિક ૫૦ ગુણના પ્રશ્નપત્રો હોય તેવા વિષયોની ૧૫ ગુણની એકમ કસોટીના પ્રશ્નપત્રો તૈયાર કરવાના રહેશે.

➤ ઉક્ત પ્રશ્નપત્રો દ્વારા શાળાએ પોતાના સમયપત્રક મુજબ એકમ કસોટી યોજવાની રહેશે. પરંતુ ધોરણ ૯ થી ૧૨ના તમામ વિષયોની એકમ કસોટી દર માસે યોજાય તે તકેદારી શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે.

➤ દર માસે તમામ વિષયોના શાળા દ્વારા /QDC દ્વારા/ SVS દ્વારા તૈયાર થયેલ ધોરણ ૯ થી ૧૨ના પ્રશ્નપત્રો શાળાએ કુલ ત્રણ વર્ષ માટે સાચવવાના રહેશે. તેમજ ધોરણ ૯ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓની તમામ વિષયોની માસવાર એકમ કસોટીના ગુણ (ત્રણ વર્ષ સુધી) અને જવાબવહી (કુલ એક વર્ષ સુધી)ના આધારોની જાળવણી કરવાની રહેશે.

➤ આમ, એકમ કસોટીના પ્રશ્નપત્રો, ગુણપત્રકો અને જવાબવહીઓ વગેરે આધારોની DEO ઓફિસ/ બોર્ડ દ્વારા થતા નિરીક્ષણ માટે ફાઈલમાં વ્યવસ્થિત જાળવણી કરવાની રહેશે.

➤ દર માસે શાળાએ વિદ્યાર્થીઓના એકમ કસોટીના પરીણામ અંગે વાલીઓને માહિતગાર કરવાના રહેશે.

➤ શાળાઓએ એકમ કસોટીના પરિણામના આધારે ઉપચારાત્મક કાર્ય કરવાનું રહેશે. જે અંગેનો વાર્ષિક રીપોર્ટ તૈયાર કરવાનો રહેશે.

➤ જિલ્લા કક્ષાએ વર્ગ-૨ અધિકારીશ્રીઓની એકમ કસોટીના નોડલ અધિકારી તરીકે અગાઉ નિમણૂક આપેલી છે, તેઓએ પોતાના જિલ્લાની તમામ શાળાઓમાં એકમ કસોટીના અમલીકરણ અંગે સઘન મોનીટરીંગની વ્યવસ્થા કરવાની રહેશે.

આમ, આપના જિલ્લાની ધોરણ ૯ થી ૧૨ની તમામ શાળાઓમાં ઉપરોક્ત સૂચનાઓના પાલન સાથે તમામ વિષયોની એકમ કસોટીનું દર માસે આયોજન અને અમલીકરણ અંગે જિલ્લા કક્ષાએથી સઘન મોનીટરીંગ થાય તેવું સુચારૂ વ્યવસ્થાપન આપની કક્ષાએથી થવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| પરીક્ષા સચિવ (SSC) વતી | નાયબ નિયામક (પરીક્ષા)(સા.પ્ર) | નાયબ નિયામક પરીક્ષા)(વિ.પ્ર) વતી |
| ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ | ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ | ગુ.મા.અને.ઉ.મા.શિ.બોર્ડ |

પરિપત્ર :- ૨૭

ક્રમાંક:પરક્ષ/એકમકસોટી/૯થી૧૨/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૩/૦૨/૨૦૨૨

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ